# Academic Year
# 2022-23

# Extension Activities

| Sr.no. | Activities | Number of participated | Page |
|---|---|---|---|
| 1. | Run for Tiranga under Azadi Ka Amrit Mohotsav and Har Ghar Tiranga | 96 | 3-4 |
| 2. | Awareness Programme on Cow based Natural Farming under Panchprakalp | 37 | 5-6 |
| 3. | Discussion on Contribution of Freedom Fighters and their Biography Programme under Panchprakalp | 75 | 7-8 |
| 4. | N.S.S. ANNUAL SPECIAL CAMP 2022-23 | 50 | 9-12 |
| 5. | Fit India (Volleyball Competition) under Panchprakalp | 132 | 13-14 |
| 6. | Awareness Programme on Corona Infection and Vaccination under Panchprakalp | 45 | 15-16 |
| 7. | Environment, Cleanliness, Water Conservation Awareness Programme under Panchprakalp | 36 | 17-18 |
| 8. | Fit India Freedom Run Competition Under Azadi ka Amrit Mahotsav | 35 | 19-20 |
| 9. | Awareness Programme on De-Addiction and Social Evils like Feticide under Panchprakalp | 39 | 21-22 |

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Name of Activity: - Run for Tiranga under Azadi ka Amrit Mohotsav and Har Ghar Tiranga**

**Date : - 13/8/2022**

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 178
તારીખ 20/08/22

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

તા. 13/08/2022

## 'રન ફોર તિરંગા' કાર્યક્રમનો અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના શૈક્ષણિક વર્ષ 2022-23માં માનનીય ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના આદેશ અને પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન અનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ અને 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત આજ રોજ તા. 13/08/2022 ના રોજ 11:30 કલાકે આપણા રાષ્ટ્રધ્વજને આન, બાન અને શાન સાથે 'રન ફોર તિરંગા' યાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ યાત્રા પ્રાચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરીસાહેબે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી શરૂ કરાવી. સદર કૉલેજથી શરૂ થયેલી 'રન ફોર તિરંગા' યાત્રા કપરાડા પોલીસ સ્ટેશન સુધી જઈ, કપરાડા મુખ્ય બજારમાંથી પસાર થઈ કપરાડા બસ ડેપો સુધી ગઈ હતી. સમગ્ર યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિના સુત્રોચ્ચાર સાથે 'ઝંડાગીત' પણ ગાવમાં આવ્યું. તેમજ 'હર ઘર તિરંગા' અંતર્ગત લોકોને રાષ્ટ્રધ્વજ વિતરણ પણ કરવામાં આવ્યા. સાથે સાથે લોકોને રાષ્ટ્રધ્વજના પ્રોટોકોલની પણ સમજ આપવામાં આવી. યાત્રા દરમિયાન પ્રાચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ વિદ્યાર્થીઓ સાથે રહી તેમનો ઉત્સાહ વધારતા રહ્યા. 'રન ફોર તિરંગા' યાત્રાનું સંચાલન કૉલેજના પીટીઆઈ શ્રી એસ. એન. ટંડેલે સફળતાપૂર્વક કર્યું.

આ કાર્યક્રમમાં કુલ ૯૬ વિદ્યાર્થીઓ અને ૧૧ સ્ટાફ મિત્રો હાજર રહ્યા.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




**Run for Tiranga under Azadi ka Amrit Mohotsav and Har Ghar Tiranga at Kaparada Town**



**Name of Activity : - Awareness Programme on Cow based Natural Farming**

**Date : - 06/2/2023**

સરકારી વિનયન કૉલેજ, કપરાડા

સરકારી વિનયન કૉલેજ
કપરાડા, જી.વલસાડ
આવક નં. 20
તારીખ 06-02-2023

<u>અહેવાલ</u>

તા. ૦૬/૦૨/૨૦૨૩

આપણો દેશ " આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ વિવિધ સ્વરૂપે મનાવી રહેલ છે. તે હેતુસર "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરેલ છે. આ પંચ પ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" નો જન જાગૃતિ કાર્યક્રમ પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, આ પ્રકલ્પના કૉ-ઓર્ડીનેટર પ્રા. એમ.પી.પટેલના નેતૃત્વમાં આજ રોજ તા. ૦૬/૦૨/૨૦૨૩ ને સોમવારે કપરાડા તાલુકાના ચાવશાળા મુકામે રાખવામાં આવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના અધ્યાપકશ્રી પ્રા. એમ.પી.પટેલે પ્રથમ પોતાની કૉલેજનો પરિચય આપી, કૉલેજ ખાતે કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે તેની માહિતી આપી. શિક્ષણનું મહત્વ સમજાવ્યું. અને ખાસ કરીને આજના સમયે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ, તેની વાત કરી. પ્રા. એમ.પી.પટેલે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીની વિસ્તૃત સમજ આપી. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ટકી રહેશે અને પાણીની પણ બચત થશે તેમ જણાવેલ.

પ્રા. એમ.પી.પટેલે રોજબરોજના જીવનમાં જરૂર પડતી શાકભાજી જાતે ઉગાડી અને તેમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ન કરી માત્ર છાણીયા ખાતરનો ઉપયોગ કરવા જણાવેલ. પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ જેવા કે જીવામૃત, બીજામૃત, આચ્છદન, વાફસા, જંતુનાશક શસ્ત્રો વિશે માહિતી આપેલ.

આ કાર્યક્રમમાં કૉલેજના ૯ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તેમજ ગામના સરપંચશ્રી, માજી સરપંચશ્રી, ગ્રામ પંચાયત સભ્યશ્રી સહિત ૨૮ ભાઈઓ અને બહેનો હાજર રહ્યા. અંતે પ્રા. એમ.પી.પટેલે સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

કો-ઓર્ડિનેટર
(ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી)

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




## Awareness Programme on Cow based Natural Farming at Chavshala, Kaparada



**Name of Activity** : - **Discussion on contribution of freedom fighters and their biography Programme**

**Date** : - **07/2/2023**


सत्यमेव जयते

# Government Arts College,Kaparada

## સરકારીવિનયનકોલેજ,કપરાડા

મુ.પો.- કપરાડા,નિશાળફળિયા,પાણીનીટાંકીપાસે,તા,- કપરાડા,જી,- વલસાડપિનકોડનં:૩૯૬૦૬૭,

સ્થાપનાવર્ષ: ૨૦૧૨, ઈ-મેઈલ : gackaparada@gmail.com, web addewww.kapradacollege.org


---

GACK/2023 /પંચપ્રકલ્પ/સ્વા. સે. યો/ 60 DATE: 07 /02/2023

### પંચપ્રકલ્પ અંતર્ગત ''સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન'' અંગે વાર્તાલાપ, ચર્ચાસભા કાર્યક્રમનો અહેવાલ

### ગામ : દાભાડી

સરકારી વિનયન કોલેજ, કપરાડા દ્વારા તારીખ 07/02/2023 ના રોજ કપરાડા તાલુકાના દાભાડી ગામમા પંચપ્રકલ્પ અંતર્ગત "સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન વિશેનો વાર્તાલાપ અને ચર્ચાસભા" નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન દાભાડી આશ્રમના પરિસરમાં કરવામા આવ્યું હતું. જેમાં કોલેજના અધ્યાપક શ્રી અનિષભાઈ સી. ગામીત દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન વિશે, શિક્ષણ, ભારતની આઝાદી માટે ભારતના દેશી રજવાડાઓનું વિલિનીકરણ અંગેની વાત કરી, સાથે સ્થાનિક સ્વરાજ્યની ચળવળમાં અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓની ભૂમિકા અંગે ટૂંકો સાર રજૂ કર્યા હતો.

આ કાર્યક્રમમાં અત્રેની કોલેજના 3 ભાઈઓ અને 8 બહેનો એ ભાગ લીધો. ગ્રામ પંચાયત સભ્યો, આશ્રમશાળાના સ્ટાફ અને ગામ લોકો મળી કુલ ૭૫ જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રકલ્પના કોર્ડિનેટર શ્રી અનિષભાઈ સી. ગામીત દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




**Discussion on contribution of freedom fighters and their biography Programme at Dabhadi, Kaparada**



**Name of Activity** : - **N.S.S. Annual Special Camp 2022-23**

**Date** : - **13/2/2023 to 19/2/2023**

સરકારી વિનયન કોલેજ,કપરાડા

સરકારી ... કોલેજ, કપરાડા
જાવક નં. ...વિ.કો.ક./NSS/વા.ખા.શિ/77
તારીખ: 22/02/2023

દહીંખેડ મુકામે તારીખ ૧૩/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩સુધી યોજાયેલ NSS વાર્ષિક

ખાસ શિબિર અહેવાલ - શૈક્ષણિક વર્ષ -૨૦૨૨-23

સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ વિભાગ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કપરાડા તાલુકાના દહીંખેડ ગામ મુકામે કરવામાં આવ્યો હતો. જેમા રાત્રી રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા દહીંખેડ મુકામે કરવામાં આવી હતી તા ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ કોલેજથી પ્રાથમિક શાળા દહીખેડ ખાતે પ્રસ્થાન કર્યું હતું. રોકાણના સ્થળે પહોંચી સ્વયંસેવકોએ આવાસની સાફ-સફાઈ કરી હતી અને સાંજના સમયે ગામના સરપંચશ્રી અને આગેવાનોની મુલાકાત કરી. ત્યારબાદ સ્વયંસેવકોએ રમતની મજા માણી, રમતબાદ ભોજનની તૈયારીમાં કેટલાક સ્વયંસેવકો જોતરાયા. ભોજન બાદ ટુકડીની વહેંચણી, આગળના દિવસનું આયોજન પ્રમાણેનું કાર્ય સુવ્યવસ્થિત રીતે થાય તેના સુચનો આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ શિબિર દરમિયાન સાત દિવસના દૈનિક આયોજન પ્રમાણે કાર્ય થાય એ સુનિશ્ચિત કરવા સ્વયંસેવકોને આગ્રહ કરવામા આવ્યો હતો. સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન ડો ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષભાઈ સી. ગામીતની આગેવાનીમાં કરવામાં આવ્યો.

તારીખ.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાત: કાર્ય બાદ સવારની પ્રાર્થના બાદ શારીરિક કસરત, નાસ્તો કરી શ્રમકાર્ય કરવા માટે બધા ભેગા થયા. ઉદ્દઘાટન કાર્યક્રમ હોવાથી શ્રમકાર્ય શાળા પરિસરમાં જ કરવામાં આવ્યું. બધા સ્વયંસેવકોએ ટુકડી પ્રમાણે સોંપવામા આવેલ કામગીરી કરી. ત્યારબાદ ઉદ્દઘાટન કાર્યક્રમની તૈયારીમાં બધા જોડાયા હતા. લગભગ ૧૧:30 કલાકે કાર્યક્રમની શરૂઆત થઈ કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ અનુસાર દીપપ્રાગટ્ય અને કોલેજની વિર્ધાર્થીનીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. જેમાં મુખ્ય ઉદ્દઘાટકશ્રી ગજુભાઈ કે. ધાકલ (સરપંચશ્રી) નું સ્વાગત સ્વયંસેવક ધૂમ મહેન્દ્રએ કર્યું. ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રી પરસુતભાઈ ફકીર વડવલે (તાલુકા પંચાયત સભ્ય) નું સ્વાગત શાહરી કૃણાલે કર્યું. રમજુ ભાઈ તુળજી મુહુંડકર (માજી તાલુકા પંચાયત સભ્ય) નું સ્વાગત નિકુળીયા સંતોષએ કર્યું. પ્રાથમિક શાળા દહીખેડના આચાર્યશ્રી કુલદીપ ડી. ગઢવીનું સ્વાગત તુમડા મનીષાએ કર્યું.

Govt. Arts College-Kaparada Dist.Valsad

સરકારી વિનયન કોલેજના આચાર્યશ્રી ડો .ડી .એન .દેવરી સાહેબનું સ્વાગત ગાંવિત વૈભવીએ કર્યું હતું. તેમજ સરકારી માધ્યમિક શાળા દહીખેડ ના શિક્ષક અમ્રતભાઈ એલ.મોકાશીનું સ્વાગત એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષભાઈ સી.ગામીત દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ ના પ્રારંભમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી એ એન. એસ. એસ. વિશે ટૂંકો પરિચય આપ્યો. કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્દબોધન કોલેજના આચાર્યશ્રી ડો. ડી. એન. દેવરી સાહેબ દ્વારા કરવામાં આવેલ. તેમણે બાળપણનું જીવન અને સ્વયં શિસ્ત વગેરે મુદ્દા પર ઉદાહરણ સાથે જણાવ્યા હતા. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી કુલદીપ ડી. ગઢવી સાહેબ દ્વારા સંસ્થાનો પરીચય, બાળકોમાં મૂલ્ય ઘડતર અંગે સમજ આપી હતી અને શાળામાં ચાલતી પ્રવૃતિ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. "આજનો દીપક" માં શાળાના બાળકના જન્મદિવસની સમૂહમાં ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં અત્રેની કોલેજના હિન્દી વિષયનાં સિનીયર પ્રાધ્યાપક ડો. પ્રફુલ્લ બી. કુરકુટિયા, ગ્રંથપાલશ્રી અમિત.એન. પરમાર અને શ્રી વિમલ જાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધી તુમડા કાજલ દ્વારા કરવામાં આવી. એન એસ એસ સોંગ ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. બપોરના સમયે થોડા વિશ્રામ બાદ બૌધિક સેશનમાં ગુજરાતીના અધ્યાપક ડો. વિરેન્દ્રભાઈ આર વસાવા દ્વારા કારકિર્દી માર્ગદર્શન અંગે સ્વયં સેવકોને પોતાના જીવનના અનુભવો અને અંગ્રેજી નવલકથાને કેન્દ્રમાં રાખી જીવનમાં સતત પ્રયત્નશીલ રહી જીવનમાં ક્યારેય નાસીપાસ ન થવા અને પોતાનો ધ્યેય સિદ્ધ કરવા પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડી.

તારીખ ૧૫/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાત: કાર્ય પૂર્ણ કર્યા બાદ તમામ સ્વયં સેવકો દ્વારા ગામમાં પ્રભાત ફેરી કરવામાં આવેલ. ત્યાંથી આવ્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા, નાસ્તો કરી નિયમિત પ્રવૃતિ અનુસાર ગામમાં સફાઈ કાર્ય કર્યું હતું, સાથે ગામમાં આવેલ મેદાન માંથી પ્લાસ્ટિકનો નિકાલ કરવામાં આવ્યો હતો. બપોર ના ભોજન કર્યા પછી બોધિક વ્યાખ્યાન યોજવામા આવ્યું હતું જેમા વકતા તરીકે પ્રા શાળા દહીંખેડના શિક્ષિકા શ્રીમતી શીતલબેન નાગરભાઈ પટેલે શિક્ષણના મહત્વ અંગે વાત કરી હતી. કપરાડા, ધરમપુર તાલુકાઓમા ઓછા શિક્ષણ અંગેના એમના સર્વે અનુસાર ૧૫ થી ૩૫ વર્ષ ની વય ધરાવતા વધુ નિરક્ષર જોવા મળ્યો હતો સાથે આર્થિક કારણ મુખ્ય પરિબળ ઓછા શિક્ષણ માટે જવાબદાર છે એવું જણાવેલ સાથે વધુ અભ્યાસ કરવા અને સતત પ્રયત્ન કરવા તેમજ જીવનમાં ધ્યેય નક્કી કરી આગળ વધવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું. સાંજ ના સમયે વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં ફરી-ફરીને મુલાકાત લઈ સામાજિક તથા આર્થિક સર્વે કરવામાં આવ્યો હતો અને હાલની સમસ્યાઓ, પડકારો અને પરિસ્થિતિ

Govt. Arts College-Kaparada Dist.Valsad

ની જાણકારી મેળવી હતી. રાત્રી ભોજન બાદ અત્રેની કોલેજના ગુજરાતી વિષયનાં પ્રાધ્યાપક શ્રી એમ. પી. પટેલ સાહેબ દ્વારા બૌધિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં "સેવા શું છે"? સેવાનો ઉદ્દેશ્ય શું એ વિષય પર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. પ્રથમ જન સેવા એજ પ્રભુ સેવા, અને સેવા નિ:સ્વાર્થ ભાવે, પ્રામાણિક રીતે કરી આપણે સમાજ માટે કંઈક કરવાની ભાવના જાગૃત કરવા વિનંતી કરી સાથે ગાંધીજી, મધર ટેરેસા, રવિશંકર મહારાજ, કઠીયારાની વાર્તા દ્વારા ગમે તેવી પરિસ્થિતિમાં મદદ, પ્રેમ,-સહાય અને ઉપયોગી બનવા જણાવેલ.

તારીખ ૧૬/૦૨/૨૦૨૩ ના ચોથા દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, હળવી કસરત અને યોગા કરવામા આવ્યા હતા. ત્યારબાદ ગામમાં સફાઈ અભિયાનમાં પ્લાસ્ટિક કચરાનો નિકાલ, વૃક્ષોની ફરતે ગોડવાનું કામ કરી પથ્થર મૂક્યા હતા. બપોરના ભોજન બાદ બૌધિક વ્યાખ્યાન યોજવામાં આવેલ હતું જેમા અત્રેની  કોલેજના આચાર્યશ્રી દ્વારા વ્યક્તિગત જીવનમાં NSS કેટલુ મહત્વ છે તથા કારકિર્દી ઘડવામાં તેનુ મહત્વ ખૂબ જ અસરકારક રીતે ઉદાહરણ દ્વારા વિધાર્થીઓને સમજણ આપી, પોતાનો વ્યક્તિગત અનુભવ પણ રજૂ કરેલ હતો. ત્યારબાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડનાં પ્રોગ્રામ ઓફિસરશ્રી ધર્મેશભાઇ પટેલ દ્વારા NSS CAMP નું મહત્વ, સેવા, ઉપયોગિતા અને સમાજ જીવનમાં વૈવિધ્ય સભર પ્રવૃતિઓ થકી દેશ, સમાજ માટે કંઈક કરવાની ભાવના જાગૃત થાય અને સમાજ બદલાઈ એ માટેની પ્રેરણા અને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. રાત્રી ભોજન બાદ અત્રેની કોલેજના સંસ્કૃત વિષયનાં પ્રાધ્યાપીકા ડો. મેધના કે. ધારણે દ્વારા વિધાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપવામાં આવેલ હતી.

તારીખ ૧૭/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાત: કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રભાત ફેરીમાં વિધાર્થીઓ દ્વારા ધાર્મિક ભજનો, સ્વચ્છતા અંગેના નારા બોલાવ્યા જેમાં અત્રેની કોલેજના ગ્રંથપાલશ્રી અમિત. એન. પરમાર પણ સામેલ હતા. ત્યારબાદ પ્રાર્થના, કસરત, યોગા કર્યા એ પૂરૂં કરીને સર્વએ ચા -નાસ્તો કર્યો. પછી શ્રમકાર્ય માટે ગામના પંચાયત ભવનની સાફ સફાઈ કરી. ત્યારબાદ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દહીખેડથી ટીમ આવી હતી. શ્રીમતી ટ્વીંકલ ડી. પટેલ (સ્ટાફ નર્સ) અંકિતા ગાંવિત (સી.એચ.ઓ) શ્રી સ્વપનિલ બી. પટેલ (એમ.પી.એચ.ડબલ્યુ) એ હાજરી આપી હતી, ૪૫ સ્વયં સેવકોનું વજન, સુગર, બીપી, એસપી પલ્સ ચેક કર્યું હતું અને બ્લડના નમૂના લીધા હતા. બપોરના સમયે રમત ગમત સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં  સ્વયંસેવકો અને શાળાના બાળકો ભેગા મળીને ક્રિકેટ, કેરમ, ચેસ, સંગીત ખુરશી, ખો ખો લીંબુ ચમચી જેવી રમતો રમીને આનંદ લીધો. સાંજના સમયે દૈનિક આયોજન મુજબ અહેવાલ વાંચન, સ્વયં સેવકોના ફીડ બેક લીધા. રાત્રે બૌધિક કાર્યક્રમમાં કોલજના ઇતિહાસ વિષયના મદદનીશ પ્રાધ્યાપક શ્રી દિપકભાઈ વી. પટેલ દ્વારા "રાજનીતિ ની વિચારધારા" પર ચર્ચા કરી અને વિશ્વમાં વિવિધ વિચારધારા હેઠળ રચાયેલ પક્ષો (દક્ષિણપંથી વિચારધારા અને વામપંથીવિચાર ધારા વાળા સમાજમાં સ્થિરતા અને પરીવર્તનની લોકો કેવી ઇચ્છા રાખે છે એ બાબત પર માર્ગદર્શન આપ્યુ તેમજ કોલેજના પી.ટી.આઈ શ્રી એસ. એન. ટંડેલ દ્વારા NSS સ્વયંસેવકોને શિસ્ત, ખંત અને ગંભીરતા પૂર્વક કાર્ય કરવા માટે પ્રેરણા પૂરી પાડેલ હતી.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

તારીખ ૧૮/૦૨/૨૦૨૩ ના રોજ સવારે પ્રાત:કાર્ય પૂરૂં કરીને પ્રાર્થના, યોગા તથા કસરત કર્યા બાદ ચા-નાસ્તો કરીને ગામમા શ્રમકાર્ય કર્યુ જેમા શોચાલય માટે ખાડો કરવો, પ્લાસ્ટિક કચરાનો નિકાલ, વૃક્ષોને ફરતે વાડ કરવી, વૃક્ષોને પાણી આપવું, અને સફાઈ કામ કર્યું. સ્વયંસેવકો દ્વારા ગ્રામજનોને પ્લાસ્ટીક આમ તેમ ન ફેકવા પ્લાસ્ટીકના કચરાથી થતુ પર્યાવરણને ગંભીર નુકસાન વિષે સમજણ આપવામાં આવેલ હતી. રાત્રે ભોજન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજનમાં સાત જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવેલ હતી જેમાં નાટકનો મુખ્ય વિષય "અંધશ્રદ્ધા" પર સુંદર નાટક કરવામાં આવેલ હતુ જેથી ઉપસ્થિત ગ્રામજનોને સુંદર સંદેશ પૂરો પાડયો હતો ત્યારબાદ અદભૂત આદિવાસી નૃત્ય કરવામાં આવેલ હતુ, સાથે બીજુ એક સુંદર નાટક "હાલમાં શિક્ષણનું મહત્વ અને તેની ઉપયોગિતા" રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા સ્વયંસેવકો દ્વારા એકપાત્રિય અભિનય "માર્ગ સલામતી અને સુરક્ષા" જેમાં ખૂબજ સ્પષ્ટ રીતે હાલમાં થતા માર્ગ અકસ્માતો તથા પરીવાર ઉપર આવતી ગંભીર સમસ્યાઓની સુંદર રજૂઆત કરી હતી. ત્યારબાદ મરાઠી નૃત્ય, દેશ ભક્તિ ગીત, કવાલી સુંદર રીતે રજૂ કરેલ હતી. મોટી સંખ્યામા હાજર રહેલ ગ્રામજનો અને બાળકોને ખૂબ આનંદ તથા સારો સંદેશ આપ્યો હતો. સમ્રગ કાર્યક્રમનું સંચાલન શ્રી સોનાર મિતેશભાઈ એ કર્યું હતું અને આભાર વિધિ કુ. કાજલ આર. તુમડાએ કરી હતી.

તારીખ ૧૯/૦૨/૨૦૨૩ ના રોજ સવારે પ્રાત: કાર્ય પૂરૂં કરીને પ્રાર્થના, યોગા, કસરત કર્યા બાદ ચા-નાસ્તો કરીને શાળાના કેમ્પસ, બધા વર્ગખંડો, વોંશ રૂમની સાફસફાઈ કરેલ હતી. ત્યારબાદ સમાપન કાર્યક્રમની તૈયારી કરવામાં આવી. સમાપન કાર્યક્રમમાં આચાર્યશ્રી ડો. ડી. એન. દેવરી સાહેબ ઉપસ્થિત રહ્યા સાથે મુખ્ય અતિથિ  શ્રી. સોહેલ ડી. પટેલ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડનાં સી.કારકુન, પ્રા.શા. દહીંખેડના મધ્યાહ્ન ભોજનના સંચાલક શ્રી ઈશ્વરભાઈ આર.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

મુહૂંડકર ની હાજરીમા પ્રથમ દીપ પ્રાગટ્ય કરવામા આવેલ. ત્યારબાદ પ્રાર્થના, અને આવેલ તમામ મહેમાનો નું ફૂલગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્ બોધન મા એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષ ભાઈ સી ગામીત એ સાત દિવસીય કાર્ય નો અહેવાલ અને એન.એસ.એસ. નો મુખ્ય ઉદ્દેશ અંગે ટૂંકમા માહિતી પૂરી પાડી ત્યાર બાદ પ્રસંગ અનુરૂપ સંબોધનમા કોલેજના આચાર્યશ્રીએ શાળાના આચાર્યશ્રી તેમજ સમસ્ત શાળા પરિવારનો આભાર વ્યકત કર્યો હતો કે જેમના સહકારથી શાળામા કેમ્પનું આયોજન તથા સુંદર રહેવાની સુવિધા પૂરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો અને સ્વયંસેવકોને આર્શિવચન પાઠવી નિરંતર એન.એસ.એસ મા કાર્યરત રહેવા તથા સમાજમાં પોતાની ભૂમિકા અને યોગદાન વિષે પ્રેરણા પૂરી પાડી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી સોહેલ ભાઈએ સ્વયંસેવકોને વિવિધ પ્રવૃતિમા નિરંતર આગળ વધવા અને સ્વયં સેવક તરીકે પોતાની કળા કૌશલ્યને વધુમાં વધુ ઉપયોગી બનાવવા જણાવેલ કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકો ને તેમની સુંદર કામગીરી માટે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એફ. વાય. બીએ. ના સ્વયંસેવક શ્રી અજિતભાઈ માહલા તેમજ આભાર વિધિ એસ. વાય. બીએ. ના સ્વયંસેવક શ્રી. કિરણભાઈ ભોયાએ કરેલ હતુ. આ સમ્રગ સાપ્તાહિક કેમ્પનું આયોજન અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. ડી. એન. દેવરી સાહેબના માર્ગદર્શન તેમજ પ્રેરણા હેઠળ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી અનિષભાઈ સી ગામીત દ્વારા કરવામા આવેલ હતો.

A. C. GAMIT
N.S.S. Programme Officer
Govt. Arts College, Kaparada,
Ta. Kaparada, Dist. Valsad

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.






## N.S.S. Annual special Camp 2022-23





**Name of Activity : - Fit India (Volleyball competition)**

**Date : - 21/2/2023**

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

## પંચ પ્રકલ્પની ફીટ ઇન્ડીયા અંતર્ગત વોલીબોલ સ્પર્ધા

સરકારી વિનયન કોલેજ
કપરાડા.. જી.વલસાડ.
આવક નં. પંચ.પ્ર.ફી.ઇ.વો.સ્પ/31
તારીખ 21.2.'23

## અહેવાલ

તા. ૨૧/૦૨/૨૦૨૩

સમગ્ર સમાજ તેમજ રાજ્યના નાગરીકો માટે ઉપકારક અને કલ્યાણકારી બની રહે તેવી વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમના સ્વરૂપે મનાવી રહેલ છે, તે હેતુસર "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરેલ છે. આ પંચ પ્રકલ્પ ની "ફીટ ઇન્ડીયા (રમતગમત તેમજ ખેલકૂદને ઉત્તેજન)" નો અંતર્ગત વોલીબોલ સ્પર્ધાનું આયોજન પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, આ પ્રકલ્પના કન્વીનર પી.ટી.આઇ.શ્રી એસ.એન.ટંડેલ સાહેબનાના નેતૃત્વમાં તા. ૨૧/૦૨/૨૦૨૩ના રોજ કપરાડા તાલુકાના કપરાડા (કોલેજ કેમ્પસ) મુકામે રાખવામાં આવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના પી.ટી.આઇ.શ્રી એસ.એન.ટંડેલ પ્રથમ પધારેલ તમામનું શબ્દોથી સ્વાગત કર્યું. તેમણે પોતાના વક્તવ્યમાં શાળા/કોલેજમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંતની ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેવા અને પધારેલ વાલીઓને પોતાના બાળકોને રમતગમતની પ્રવૃત્તિમાં ભાગા લેવા પ્રોત્સાહન આપવા માટે અપીલ કરી. તેમણે આપણા કપરાડા વિસ્તારના લોકોની જીવનશૈલી અંગે વાત કરી. તે ઉપરાંત પોતાના કાર્ય અનુસાર સમતોલ આહાર પણ કેટલો જરૂરી છે, તે સમજાવ્યું. રમતગમતની પ્રવૃત્તિને રોજબરોજના જીવનનો ભાગ બનાવવું જોઇએ, જેથી આપણું શરીર તંદુરસ્ત, સ્વથ્ય અને નિરોગી બની રહે તે જણાવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ કોલેજના આચાર્યશ્રીએ ખેલાડીને પ્રોત્સાહિત કરતા ખેલદિલીની ભાવના રાખી સ્પર્ધામાં ભાગ લેવા જણાવ્યું. વધુમાં તેમણે કોલેજની વિવિધ પ્રવૃત્તિમાં ગામના લોકોનો મળતો સહકાર માટે આભાર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમ અંતર્ગત વોલીબોલ સ્પર્ધામાં કોલેજની ટીમ અને કપરાડા ગામની વચ્ચે મેચ રમાઇ હતી. જેમાં કપરાડા ગામની વોલીબોલ ભાઇઓની ટીમ વિજેતા થઇ હતી અને સરકારી વિનયન કોલેજ, કપરાડાની ટીમ ઉપવિજેતા રહી હતી. કોલેજના પ્રા. એમ.પી.પટેલ સાહેબના હસ્તે બન્ને ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના કુલ ૬ ખેલાડી ભાઇઓ અને ૧૦૯ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૧૫ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કપરાડા ગામ વતી ૬ ખેલાડી ભાઇઓ અને ૧૧ ગામજનો મળી કુલ ૧૭ ગામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

Govt. Arts College-Kaprada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.







## Fit India (Volleyball competition)



**Name of Activity : - Awareness Programme on Corona Infection and Vaccination**

**Date : - 23/2/2023**

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા તા. કપરાડા જિ. વલસાડ

પંચ પ્રકલ્પ અંતર્ગત 'કોરોના સંક્રમણ અટકાવવાના તથા રસીકરણ'
કાર્યક્રમનો અહેવાલ

Govt. Arts College, Kaparada
Inward No. : GACK/2023/પંચપ્રકલ્પ/32
Date : તા. ૨૩/૦૨/૨૦૨૩

ભારત દેશ જયારે 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમા વિવિધ રીતે મનાવી રહ્યો છે ત્યારે તેના ભાગ રૂપે 'અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ' યોજના શરૂ થયેલ છે. આ પંચ પ્રક્લ્પ અંતર્ગત 'કોરોના સંક્રમણ અટકાવવાના તથા રસીકરણ' અંગે જન જાગૃતિ કાર્યક્રમ અત્રેની કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ આ પ્રકલ્પના કન્વીનર ડૉ. પી. બી. કુરકુટિયાના નેતૃત્વ હેઠળ તા. ૨૩/૦૨/૨૦૨૩ના રોજ કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ ગામે રાખવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબે કૉલેજમાં ચાલતી વિવિધ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામજનોને આપી, શિક્ષણનું મહત્વ સમજાવી કોરોના સંક્રમણ વિશે માહિતી આપી. તથા ગામમાં સ્વચ્છતા જાળવવાની અપીલ કરી હતી. ત્યારબાદ ગામના સરપંચશ્રી અર્જુનભાઈ નિકુળિયાએ કોરોના સમયે સાવચેતી રાખી પોતાની તથા પરિવારની કાળજી રાખવાની વાત કરી હતી. મેડિકલ કર્મચારીશ્રી ધર્મેશભાઇ પટેલે (MPHW) કોરોના સમયે થયેલ કામગીરી અને રસીકરણ કરવાના લાભો વિશે જણાવ્યું હતું. રોહિયાળ તલાટ ગામના CHC સેન્ટરના ANM કર્મચારી શ્રીમતિ બિનતીબેન સી. પટેલે કોરોના સમયે ગ્રામજનોનો મળેલ સહયોગ વિશે માહિતી આપી તેમનો આભાર પ્રગટ કરેલ.

કોલેજના ગ્રંથપાલશ્રી અમિતભાઈ એન. પરમારે કોરોના રસીકરણ સમયે સરકારશ્રીની કામગીરી અને ગાઈડ લાઈન વિશે વિસ્તૃત માહિતી આપી. કાર્યક્રમના અંતમાં કોરોના સંક્રમણ કેવી રીતે ફેલાય છે તેના લક્ષણો અને તેના ઉપાયો વિશેની માહિતી ડૉ. પી. બી કુરકુટિયાએ આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પી. બી. કુરકુટિયાએ કર્યું તથા કાર્યક્રમની આભારવિધિ કૉલેજની વિદ્યાર્થીની વાઘમાર્યા ઉર્વશીબેન સિત્યાભાઈએ કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ૦૫ વિદ્યાર્થી બહેનો અને ૦૩ વિદ્યાર્થી ભાઈઓ તથા ૦૩ ફેકલ્ટી મળી કુલ ૧૧ ભાગ લીધો. તેમજ કુલ ૩૪ ગામજનોએ પોતાની હાજરી નોંધાવી હતી.

Govt. Arts College-Kaparada, Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




**Awaraness Programme on Corona Infection and Vaccination at Rohiyal Talat, Kaparada**



**Name of Activity: - Environment, Cleanliness Water Conservation Awareness Programme**

**Date : - 25/2/2023**

પંચપ્રકલ્પ / પં.૨૧.૦૨૦૧ / ૧૨૪

તા ૨૫/૨/૨૦૨૩

# સરકારી વિનયન કૉલેજ કપરાડા, વલસાડ.

## પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય કાર્યક્રમનો અહેવાલ

તા.૨૫/૨/૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કૉલેજ કપરાડા ખાતેથી " પંચ પ્રકલ્પ " કાર્યક્રમ અંતર્ગત "સહકારી દુધ ઉત્પાદક મંડળી કાજલી" ખાતે પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય વિષયાન્વયે કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું. કાર્યક્રમ અંતર્ગત સરકારી વિનયન કૉલેજ કપરાડાના અધ્યાપક શ્રી દિપકભાઇ વી.પટેલ તેમજ ડૉ.મેઘના કે.ધારણે, કાજલી ગામના દુધ ઉત્પાદક મંડળીના સંચાલકશ્રી, ગ્રામજનો અને કૉલેજનાં વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરુઆતમા કૉલેજના અધ્યાપક શ્રી દિપકભાઇ પટેલે પોતાની તેમજ સાથે આવેલ વિદ્યાર્થીઓ અને અન્ય અધ્યાપકોની ટુંકમા ઓળખ આપી. કૉલેજનો પરિચય તેમજ ત્યાં ચાલતા વિષયો, અન્ય પ્રવૃત્તિઓથી ગ્રામ જનોને માહિતગાર કર્યા. પોતે કયા હેતુથી તેમને મળી રહ્યા છે તે અંગે સ્પષ્ટતા કરી.

ત્યારબાદ વર્તમાનયુગમાં પર્યાવરણનું મહત્વ સમજાવી, પર્યાવરણ દુષિત કરવાથી આવનાર આપત્તિઓનો વિગતે ચિતાર આપી, આપણી કક્ષાએ પર્યાવરણને સ્વચ્છ રાખવા શક્ય ઉપાયોની છણાવટ કરી. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન સ્વછતાના મહત્વને પણ પ્રસ્થાપિત કર્યુ.

ત્યાર બાદ કૉલેજના પ્રા.ડૉ.મેઘના ધારણેએ ગ્રામજનો સમક્ષ પાણીના મહત્વને પોતાના વક્તવ્ય દરમિયાન રજુ કર્યુ. ગ્રામજનોને પાણી બચાવવા માટે માનસિક રીતે કટિબધ્ધ કર્યા. કપરાડા વિસ્તારમાં પાણીને લગતી સમસ્યાઓ ગ્રામજનોનાં મુખે સાંભળી અને તેને નિવારવા માટે આપણે કયા પગલા ભરી શકીયે તેની ચર્ચા કરી. "જળ જીવન મિશન" તેમજ "જળ સંચય યોજના"," જળ સંગ્રહ યોજના" જેવી સરકારી યોજનાઓ અને તેના કાર્યક્ષેત્રથી ગ્રામ જનોને વાકેફ કર્યા.

કાર્યક્રમના અંતે કાજલી ગામના દુધ ઉત્પાદક મંડળીના સંચાલક શ્રી પ્રભુભાઇ ભોયાએ પોતાના બે શબ્દો રજુ કર્યા. તેમણે ગ્રામજનોને પર્યાવરણ સુરક્ષા, તેમજ જળસંરક્ષણ અને જળ સંચય માટે અનુરોધ કર્યો. આમ, કાજલી ગામ ખાતે પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય કાર્યક્રમ આયોજનબધ્ધ રીતે સમપન્ન થયો.

Govt. Arts College-Kaprada

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




## Environment, Cleanliness Water Conservation Awareness Programme at Kajli Village, Kaparada



**Name of Activity : - Fit India Freedom Run Competition (Azadi ka Amirt Mahotssav)**

**Date : - 03/03/2023**

# Government Arts College,Kaparada

## સરકારી વિનયનકોલેજ,કપરાડા

મુ.પો.- કપરાડા,નિશાળ ફળિયા,પાણીની ટાંકી પાસે,તા,- કપરાડા,જી,-વલસાડ પિનકોડનં:૩૯૬૦૬૭,

સ્થાપનાવર્ષ: ૨૦૧૨, ઈ-મેઈલ : gackaparada@gmail.com, web addewww.kapradacollege.org

GACK/2023/આ.કા.અ.મ.ફી.ઈ.ફી.રન/૫૨

DATE:3/3/ 2023

### આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન" સ્પર્ધાનો અહેવાલ

તા.03/03/૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ,કપરાડા ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સવારે ૯:00 કલાકે "ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કોલેજના ૨૭ ભાઈઓ તેમજ ૦૮ બહેનો મળી કુલ ૩૫ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. આ દોડ સ્પર્ધાનું આયોજન કોલેજના ગ્રાઉન્ડ થી ગર્લ્સ હોસ્ટેલ સુધી અને પરત કોલેજ સુધી, આમ ૩ કિલોમીટરનું અંતર રાખવામાં આવ્યું હતું. દોડ સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો.ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.આ દોડ સ્પર્ધાના નિયમો અંગે કોલેજ ના પી.ટી.આઇ.સંદીપ સાહેબશ્રી દ્વારા માહિતી આપવામાં આવી.ત્યારબાદ કોલેજના કર્મચારીગણ અને વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં સ્પર્ધાની શરૂઆત કોલેજના આચાર્ય સાહેબશ્રી દ્વારા કરવામાં આવી.આ સ્પર્ધાનું સમગ્ર આયોજન અને સંચાલન નોડેલ ઓફિસરશ્રી ડો.વિરેન્દ્રભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું.આ સ્પર્ધામાં ભાઈઓમાં પ્રથમ ક્રમ ભોયા ભાવેશભાઇ અર્જુનભાઇ અને બહેનોમાં ભોયા જયવંતીબેન રાજારામભાઇએ પ્રાપ્ત કર્યો હતો તેમને ઈનામ સ્વરૂપે ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ નં. | વિદ્યાર્થી (ભાઈઓ)ના નામ | વિજેતા ક્રમ |
|---|---|---|
| ૧. | ભોયા ભાવેશભાઇ અર્જુનભાઇ | પ્રથમ |
| ૨. | કાળાત અશોકભાઇ મુકુંદભાઇ | દ્વિતીય |
| ૩. | જાંજર મનોજભાઇ છગનભાઇ | તૃતીય |

| ક્રમ નં. | વિદ્યાર્થી (બહેનો)ના નામ | વિજેતા ક્રમ |
|---|---|---|
| ૧. | ભોયા જયવંતીબેન રાજારામભાઇ | પ્રથમ |
| ૨. | કાચરા દર્શનાબેન બિસ્તુભાઇ | દ્વિતીય |
| ૩. | થોરાટ મયુરીબેન મનોજભાઇ | તૃતીય |

Govt. Arts College Kaparada

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.






Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,
TA – KAPARADA, DIST – VALSAD
Academic year- 2022-23
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન" દોડ સ્પર્ધા
Date: 03/03/2023





Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kap
Ta. Kaprada, Dist. Vals

**Name of Activity : - Awareness Programme on De-addiction and Social evil link feticide**

**Date : - 09/03/2023**

સરકારી વિનયન કોલેજ કપરાડા જિ:- વલસાડ

Govt. Arts College, Ka
Inward No. : GACK/પંચપ્ર
Date : 10/03/2023

પંચપ્રકલ્પ અંતર્ગત

નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ અને દહેજપ્રથા તેમજ ભ્રૂણહત્યા નિવારણ અંગે વ્યાખ્યાન અને જનજાગૃતિ કાર્યક્રમ

અહેવાલ તા:- 10/03/2023

સરકારી વિનયન કોલેજ કપરાડા દ્વારા તા:- ૦૯/૦૩/૨૦૨૩ નાં રોજ કપરાડા તાલુકાના દાબખલ ગામે પંચપ્રકલ્પ અંતર્ગત નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ અને દહેજપ્રથા તેમજ ભ્રૂણહત્યા નિવારણ અંગે વ્યાખ્યાન અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક શ્રી દિપકકુમાર વી. પટેલ , અધ્યાપિકા ડૉ.મેઘના ધારણે , પી.ટી.આઈ. શ્રી સંદીપભાઈ ટંડેલ હાજર તથા મુલાકાતી અધ્યાપક શ્રી રમેશભાઈ જાદવ રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. મહેશ પટેલ સાહેબ હાજર રહ્યા. સવારે ૧૦ :30 કલાકે દાબખલ ગામના ગ્રામપંચાયત ભવન ખાતે આ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી , તાલુકા પંચાયતના સભ્યશ્રી મળી કુલ ૨૫ જેટલા ગ્રામજનોએ હાજરી આપી. ઉપરાંત સરકારી વિનયન કોલેજના કુલ ૧૪ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં અધ્યાપકશ્રી દિપકકુમાર વી. પટેલે સર્વે મહેમાનો તથા મુખ્ય વક્તાનો પરિચય આપ્યો. આ કાર્યક્રમના ઉદેશ્યથી સૌને માહિતગાર કર્યા તથા સરકારી વિનયન કોલેજ કપરાડા દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.મહેશ પટેલ સાહેબે પોતાનું વક્તવ્ય રજૂ કર્યુ. તેમને વિષય અંતર્ગત સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી. સ્વસ્થ જીવનશૈલી માટે નશાકારક પદાર્થો કેટલા હાનીકારક છે, તેનો ખ્યાલ આપ્યો. દહેજ પ્રથા અંતર્ગત તેઓશ્રીએ વિવિધ કાયદાકીય બાબતો રજૂ કરી તથા આ દુષણને નિવારવા માટે લોકોને જાગૃત કર્યા. આ ઉપરાંત ભ્રૂણહત્યા સબંધી કાયદાકીય જોગવાઈની માહિતી આપી , કન્યા શિક્ષણ પર ભાર મુકવા સર્વેને હાકલ કરી. કાર્યક્રમના અંતે કોલેજના અધ્યાપિકા ડૉ.મેઘના ધારણેએ ગામના સરપંચશ્રી, તાલુકા પંચાયત સભ્યશ્રી , ગ્રામજનો , મુખ્ય વાક્તાશ્રી, તથા ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.




**Awareness Programme on De-addiction and Social evil link feticide at Dabkhal, Kaparada in Collaboration with  Taluka Health Office**

